| Published Date: | 11 Aug 2018 | Publication: | Standard herald (Gujarati) |
|---|---|---|---|
| Edition: | Ahmedabad | Page No: | 11 |
| MAV/CCM: | 3310/3.31 | Circulation: | 123000 |

## TCS IT વિઝની એડિશનમાં સેન્ટ કબીર સ્કૂલનાં નિહાર અને ભવ્ય વિજેતા થયાં

અમદાવાદ, ૯૫ શાળાઓના ૧૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ TCS IT વિઝ અમદાવાદમાં ભાગ લીધો હતો. TCS IT વિઝ ભારતની અગ્રણી IT સર્વિસીસ, કન્સલ્ટિંગ અને બિઝનેસ સોલ્યુશન્સ પ્રદાન કરતી કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) દ્વારા આયોજિત દેશની સૌથી મોટી ઈન્ટર-સ્કૂલ ક્વિઝ છે. આ ક્વિઝ ૧૦ ઓગસ્ટ, ૨૦૧૮ને શુક્રવારનાં રોજ પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ, રાજપથ ક્લબ પાછળ, એસ જી હાઈવે, બોડકદેવ, અમદાવાદ ખાતે યોજાઈ હતી. લગભગ ૧૫% જેટલી શાળાઓ ૨૦૦ કિ.મી. જેટલો પ્રવાસ ખેડી અમદાવાદ ખાસઆ સ્પર્ધામાં ભાગ લેવા આવ્યા હતા. બહારથી આવેલી ટીમોમાં આણંદ, અમરેલી, ભાવનગર, ગાંધીનગર, માણસા, મેહસાણા, નડિયાદ, નવસારી, રાજકોટ, સુરત, તાપી, વલસાડ અને વડોદરા જેવા શહેરોમાંથી આવર્યે TCS IT વિઝ માં ભાગ લેવા આવેલ હતા.